# CAA જેવા જ્વલંત મુદ્દાનો ઉકેલ બંધારણથી જ લાવવો જોઇએ: જસ્ટિસ ગોગોઇ

» CAAનો મુદ્દો ન્યાયાધીન છે ત્યારે દેશના નાગરિકો સુપ્રીમ કોર્ટના જજો પર ભરોસો રાખે

» ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે 'ન્યાયતંત્રનું પુનર્નિમાણ: રાષ્ટ્રનિર્માણ' વિષય પર પૂર્વ ચીફ જસ્ટિસનું વિચારપ્રેરક વક્તવ્ય

**નવગુજરાત સમય > અમદાવાદ**

સમગ્ર દેશ CAA (નાગરિકતા સંશોધન બિલ)ના મુદ્દે બે ભાગોમાં વહેંચાઇ ગયો છે, ત્યારે આ મુદ્દે ગુજરાત નેશનલ લો યુનિ. ખાતે પોતાના વિચારપ્રેરક મંતવ્યો રજૂ કરતાં સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ જસ્ટિસ રંજન ગોગોઇએ કહ્યું હતું કે,'CAA એક જ્વલંત મુદ્દો છે અને દેશના નાગરિકો તેના માટે ભિન્ન-ભિન્ન મત રજૂ કરી શકે છે. દેશમાં દરેક નાગરિકને પોતાના જુદા જુદા વિચારો, મંતવ્યો રજૂ કરવાનો બંધારણીય હક છે, પરંતુ CAAનો મુદ્દાનો ઉકેલ બંધારણના માર્ગે જ લાવવો જોઇએ. CAAનો મુદ્દો હાલ સુપ્રીમ કોર્ટ સમક્ષ વિચારાધીન છે, ત્યારે આપણે સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ પર ભરોસો રાખવો જોઇએ. તેઓ બંધારણીય રીતે CAAનો ઉકેલ લાવશે.' જસ્ટિસ ગોગોઇ તેમના વક્તવ્યમાં ન્યાયતંત્રની કાર્યપદ્ધતિ પર ચિંતા વ્યક્ત કરી હતી અને નિર્ભિક, સ્વતંત્ર ન્યાયતંત્રના નિર્માણમાં વિદ્યાર્થીઓની ભૂમિકાની મહત્ત્વપૂર્વ હોવાનું કહ્યું હતું.



GNLU ખાતે 'ન્યાયતંત્રનું પુનર્નિમાણ - રાષ્ટ્રનિર્માણ' શીર્ષક પર વક્તવ્ય આપતાં જસ્ટિસ ગોગોઇએ ઉક્ત વિચારો પ્રસ્તુત કર્યાં હતાં. તેમણે મુખ્યમંત્રી વિજય રૂપાણીની વાતને આગળ વધારતાં કહ્યું હતું કે, 'મુખ્યમંત્રીએ પોતાના પ્રવચનમાં નાગરિકોના મૂળભૂત કર્તવ્ય વિશે જણાવ્યું. મારો સ્પષ્ટ મત છે કે, આ દેશની એકતા અને અખંડતા પ્રત્યે સન્માન રાખવો એ દરેક નાગરિકનું મૂળભૂત કર્તવ્ય, દાયિત્વ અને ફરજ છે.' જસ્ટિસ ગોગોઇ સ્વયં આસામના હોવાથી તેમણે CAAની અસરો વિશે કહ્યું હતું કે,'હું નિવૃત્ત થયા બાદ ગુવાહાટી ગયો હતો. ત્યાં ઊગ્ર દેખાવો ચાલી રહ્યાં હતાં. કાયદો-વ્યવસ્થા ખોરવાયેલી હતી, પરંતુ જે વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શનો કરી રહ્યાં હતાં તેમણે પાંચ દિવસમાં પ્રદર્શન બંધ કરવાનું નક્કી કર્યું અને કોઇ પણ હિંસા વિના વિરોધ આંદોલનો બંધ થઇ ગયાં. આ વાતનો સાર એ છે કે, દેશમાં કેટલાક તત્ત્વો છે જે તેની એકતા-અખંડિતાને ડહોળવા ઇચ્છે છે, પરંતુ વિદ્યાર્થીઓના નિશ્ચયથી તે મુદ્દાનો ઉકેલ આવ્યો.' તેમણે ન્યાયતંત્રના પુનર્નિમાણનું સૂચન કરતાં કહ્યું હતું કે,'કોર્ટોની સંખ્યા વધારી દેવા કે ન્યાયિક નિમણૂકની પ્રક્રિયા ઝડપી બનાવવી પૂરતું નથી. ન્યાયતંત્રએ નિડર અને સ્વતંત્રતા સાથે કાર્ય કરવું પડશે ત્યારે જ દેશનો વિકાસ થશે.'

## ન્યાયતંત્ર યોગ્ય રીતે કામ નથી કરી રહ્યું : જ. ગોગોઇ

જસ્ટિસ ગોગોઇએ કહ્યું હતું કે,'હું ૨૦ વર્ષથી ન્યાયમૂર્તિ અને પૂર્વ ચીફ જસ્ટિસ રહ્યો હોવાના નાતે વિદ્યાર્થીઓને અપીલ કરું છું કે, તેઓ ન્યાયતંત્ર વિશે કંઇક કરે, કંઇક મક્કમ વિચાર કરે. ન્યાયતંત્ર યોગ્ય રીતે કામ નથી કરી રહ્યું. કદાચ વિદ્યાર્થીઓ જ કંઇક કરી શકે. જ્યારે એ સમય આવશે કે ન્યાયતંત્ર નિર્ભિક, સ્વતંત્ર અને અસરકારક રીતે કાર્ય કરશે ત્યારે જ આ દેશ વિકાસકૂચ કરશે.'

## સરદાર આઝાદી બાદ 10 વર્ષ જીવ્યા હોત તો ચિત્ર જુદું હોત

જસ્ટિસ ગોગોઇએ રાષ્ટ્રનિર્માણ વિશે સરદાર પટેલને યાદ કરતાં કહ્યું હતું કે,'તેમણે રજવાડાઓને ભેગા કરી એક રાષ્ટ્રનું નિર્માણ કર્યું હતું. દુર્ભાગ્ય એ હતું કે, આઝાદીના ત્રણ વર્ષ બાદ તેઓ મૃત્યુ પામ્યાં હતાં. જો તેઓ આઝાદી બાદ ૧૦ વર્ષ જીવ્યા હોત તો દેશનું ચિત્ર જુદું હોત એમ તેમણે ઉમેર્યું હતું.

Scanned by CamScanner